Managed by Jivan Jyot Trust, Amroli - Surat
J. Z. SHAH ARTS & H. P. DESAI COMMERCE COLLEGE, AMROLI - SURAT
Grant in Aid College Affiliated to Veer Narmad South Gujarat University, Surat
B. A. [Principal - Gujarati & Economics] - B. Com. [Eng. & Guj. Medium]
M. A. [Gujarati, English, Economics] - M. Com. [Accountancy - English & Gujarati Medium]
*Re-Accredited 'B++' (CGPA 2.94) by National Assessment And Accreditation Council Sept.-2019 Bengaluru*
*An ISO 9001 : 2015 Certified Institute*
Estd. Year : 1991

**Out Ref. No.: 1107/2020-21**
**Date: 06-05-2021**

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞ મહાશય,

સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપી આભારી કરશોજી.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

ઈન્ચાર્જ આચાર્યશ્રી.

**અમરોલી કોલેજ દ્વારા "કોરોના વાયરસ અને વેકસીનેશન વિશે ગેરસમજ અને હકીકત" વિષય પર ૪૬ માં નેશનલ વેબીનારનું આયોજન**

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા.૦૬, મે ૨૦૨૧ ગુરૂવારના રોજ "કોરાના વાયરસ અને વેકસીનેશન વિશે ગેરસમજ અને હકીકત" વિષય અંતર્ગત **Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book** અને **Instagram** ના માધ્યમથી ૪૬માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. આર. ડી. રાણાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. તેમણે વેકસીન લેતાં પહેલાં દરેક લોકોને રકતદાન કરવા જણાવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા હાજર રહ્યા હતાં. તેમણે જણાવ્યુ કે કોરોનાના કપરા સમયમાં વેકસીનેશન જ એક માત્ર ઉપાય છે. જેનાથી આપણે કોરાના સંક્રમણની ચેનને તોડી શકીએ. કોરોના સામેના જંગમાં દરેક લોકોએ વેકસીન મુકાવી પોતાને અને પરિવારને સુરક્ષિત રાખી કોરોનાના સંક્રમણની ચેઇનને તોડી શકાય છે. ડૉ. કે.એન.ચાવડાએ કોલેજની પ્રવૃતિઓની સરાહના કરી હતી અને અમરોલી કોલેજના દરેક સભ્યોનો આભાર માન્યો હતો. વેબીનારમાં મુખ્ય વકતા તરીકે એમ.ડી.બાળરોગ નિષ્ણાંત તેમજ ટાસ્ક ફોર્સ, ગુજરાતના સભ્યશ્રી ડૉ. નિશ્ચલ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ કોલેજના ૧૯૫૮ જેટલા વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. આદરણીયશ્રી ડૉ. નિશ્ચલ ભટ્ટે તેમણે જણાવ્યુ કે ૮૦% લોકો કોરોનાથી હોમ આઇસોલેશન દ્વારા જ સ્વસ્થ થઇ જાય છે. હોમ આઇસોલેશન થઇ ઘરે જ સારવાર લેતા દર્દીએ વિડીયો કોન્ફરન્સ દ્વારા સતત ડૉકટરના સંર્પકમાં રહેવું જોઇએ. કોઇ પણ પ્રકારની દવા તેમજ રિપોર્ટ ડૉકટરની સલાહ વગર ન લેવા જોઇએ. રોગપ્રતિકારક શકિત વધારવા તાજા શાકભાજી, ફળ તેમજ સંપૂર્ણ આહાર લેવો જોઇએ. યોગ્ય આહાર, પૂરતા પ્રમાણમાં પ્રવાહી તેમજ યોગ અને પ્રાણાયમ દ્વારા રોગપ્રતિકારક શકિતમાં વધારો કરી શકાય છે. તેમણે જણાવ્યુ કે ભારતની વેકસીન સલામત છે. કોઇ આડઅસર નથી. વેકસીન લીધા પછી તાવ આવવો, શરીરમાં કડતર રહેવી એ સામાન્ય બાબત છે. જે ૪૮ કે ૭૨ કલાકમાં પેરાસીટામોલ દવા લેવાથી દુર થઇ જશે. વેકસીન લીધા પછી રોગપ્રતિકારક શકિત ઓછી થઇ જાય એ એક ગેરસમજ છે. તેમણે તેમણે એમ્બેસેડર બની વડીલોને રસીકરણ ઝુંબેશમાં રસી લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઇએ. રસીની કોઇ આડઅસર નથી. રસી મુકાવ્યા બાદ પોતે અને પરિવારના સભ્યો સલામત રહે છે તેમણે માસ્ક કેવી રીતે પહેરવા જોઇએ સોશિયલ ડિસ્ટન્સ રાખી સેનેટાઇઝરના યોગ્ય ઉપયોગ વિશે ચર્ચા કરી હતી. તેમણે કોરોના વાયરસ કઇ રીતે ફેલાય છે તે અને તેને કઇ રીતે અટકાવી શકાય તેના વિશે પ્રવતતી ગેરસમજ અને હકીકતો વિશે વિસ્તુત ચર્ચા કરી હતી.

તેમણે દર્શક મિત્રોના પ્રશ્નોના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય મહેમાન અને મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ. સેજલ એ. દેસાઇ તેમજ આભારવિધિ ડૉ. મયંક સોઢાએ કરી હતી. વેબીનારનું સંચાલન જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઇ શાહ, અમરોલી કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. આર. ડી. રાણા, ડૉ. સેજલ દેસાઇ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું.

**You Tube Link: https://youtu.be/edA1NoirIyM**

E-mail : principal@acs.ac.in Website : www.acs.ac.in Ph. No. : (0261) 2499382-2495288-2495600-2409002 +91 90991 33386
At. & Post : AMROLI-SURAT-394107, STATION : UTRAN (W.R.), TA. CHORYASI, DIST : SURAT, GUJARAT (INDIA)